Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સરદાર વલ્લભભાઈ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या.....

पञ्जिका संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Initial

શ્રી બાલ સંસ્કારમાલા

ક્રમાંક ક્રમાંકીકરણ ૩૧૬૨-૧૧-૮૫

વલ્લભભાઇ પટેલ

•

સતીકુમાર

•

ચરિત્રરત્નો

ગુચ્છ ૨ જું

પુસ્તક ૫ મું

એન. એમ. ઠક્કરની કું.
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત ૮ આના

પ્રકાશક :
નંદલાલ મોહનલાલ ઠક્કર
એન. એમ. ઠક્કરની કુંપની
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨.

મુદ્રક :
છેલશંકર ગોવિંદજી શુકલ
મોજમજાહ પ્રીં. પ્રેસ
ખટાઉવાડી, મુંબઇ–૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સરદાર વલ્લભભાઇ પટેલ

ઇન્દોર નરેશ મલ્હારરાવ હોલ્કર રાજમહેલની ડોઢીમાં શેતરંજ ખેલી રહ્યા છે. ડોઢીની સામે કાળીમીંઢ કેદખાનું છે. શેતરંજના કાબેલ ખેલાડી મહારાજ આજે નિરાશ જણાય છે. કોઇ દિવસ નહિ અને આજે તેને હાર ખાવાનો વખત આવ્યો છે. અચાનક અવાજ સંભળાય છે 'મહારાજ, ખોટી ચાલ ન ચાલો પેલું મહોરૂં પેલી-મેર લઇ લો.' મલ્હારરાવ મહારાજ સતેજ થયા. રમતમાં રંગ જામ્યો અને જીત્યા. હુકમ આપ્યો : પેલું કેદખાનું ખોલો, પેલા કેદીને હાજર કરો. એ કેદી તે બીજો કોઇ નહીં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પૂ. સરદાર સાહેબના પિતાશ્રી ઝવેરભાઇ પટેલ, કરમસદના એ પાટીદાર ખેડૂત. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ઝાંસીના રાણી લક્ષ્મીબાઇના સૈનિક તરીકે અંગ્રેજ સામે લડતાં પકડાયેલા.

આવા સ્વદેશભક્ત પિતાને ઘેર વલ્લભભાઇનો જન્મ થયો. કુદરતના ખોળામાં સરદાર સાહેબ ઊછર્યા. નિર્ભયતા તો નાનપણથી જ વરી ચૂકી હતી. એક વખત બાલ્યાવસ્થામાં સરદારને બામલાઇ થઇ. કોઇ ઉપાયે મટે નહિ. આડોશી–પાડોશીએ બામલાઇ પર ધગધગતા લોખંડનો ડામ દેવાનું સૂચવ્યું. ડામ દેનાર હજામ મૂંઝાતો હતો. સરદારે સળિયાને ઉપાડીને બામલાઇ પર ચોડી દીધો. કરમસદમાં પ્રાથમિક અભ્યાસ પૂરો કરી બાળ વલ્લભભાઈ અંગ્રેજી અભ્યાસ માટે પેટલાદ આવ્યા. પાંચ અંગ્રેજી અહીં પૂરી કરી નડિયાદ આવ્યા. સાહસ અને શૌર્ય તેમની રગેરગમાં હતું. નડિયાદની હાઈસ્કૂલના શિક્ષક પાઠ્યપુસ્તકોનો વેપાર કરતા અને વિદ્યાર્થીઓને તેમની પાસેથી પુસ્તકો ખરીદવાનું દબાણ કરતા. વલ્લભભાઇએ આ સામે ઉહાપોહ કર્યો. આખરે શિક્ષક આ ખો ભૂલી ગયા. નડિયાદ કરતાં વડોદરામાં અંગ્રેજી વધારે સારું શીખડાવે છે તે સાંભળી વલ્લભભાઇ વડોદરા આવ્યા. મેટ્રિકમાં સંસ્કૃત છોડીને તેમણે ગુજરાતી લીધું. ગુજરાતીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
શિક્ષક છોટાલાલ માસ્તરે વલ્લભભાઇને બોલાવ્યા. સંસ્કૃત છોડી ગુજરાતી ન લેવા સૂચના કરી. વલ્લભભાઇએ જવાબ આપ્યો–'સાહેબ, બધા સંસ્કૃત લેશે તો તમે ભણાવશો કોને?' શિક્ષક ચિડાઇ ગયા, એક એકાથી દશ એકાના પાડા લખી લાવવાની સજા ફરમાવી. એક દિવસ થયો, બે દિવસ થયા, રોજ શિક્ષા વધતી જાય. આખરે ૨૦૦ પાડા સુધી વાત ગઇ. શિક્ષકે પૂછયું–'લખી લાવ્યા?' વલ્લભભાઇનો ટીખળી સ્વભાવ બહાર આવ્યો : 'સાહેબ, ૨૦૦ પાડા તો હું લાવ્યો હતો પણ તેમાંથી બે મારકણા નીકળ્યા અને દરવાજા આગળથી જ તેમણે તોફાન કર્યું એટલે બધા નાસી ગયા એટલે કોઇ ન રહ્યું.' વાત વધી પડી. વલ્લભભાઇને હેડમાસ્તર પાસે લાવવામાં આવ્યા. વલ્લભ-ભાઇએ બધી વાત કરી. શિક્ષક શરમિંદા બન્યા.

૧૮૯૭માં વલ્લભભાઇ મેટ્રિક થયા. આગળ અભ્યાસ કરી શકે તેવી કુટુંબની આર્થિક સ્થિતિ નહોતી. વકીલ થવાનું નક્કી કર્યું. ૧૯૦૧માં 'ડિસ્ટ્રીક્ટ પ્લીડર'ની પરીક્ષા પાસ કરી વકીલાત કરવા માંડી.

વકીલાતમાં પણ એઓ ફોજદારી કેસો હાથમાં લેતા. દીવાની કેસોની કાયદાની આંટીઘૂંટીથી તેઓ સદાય દૂર રહેતા. ખૂન, બોટા દસ્તાવેજ, મારફાડ, ધાડ વગેરેના કેસો તેમને મળતા. આ જમાનો એટલે ગોરા મેજિસ્ટ્રેટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના ધમંડનો પાર નહિ. વલ્લભભાઇએ આ તોછડી રીત અને ધમંડનો અંત લાવવા નિર્ણય કર્યો. હસબન્ડ નામનો એક ગોરો મેજિસ્ટ્રેટ સાક્ષીઓની જુબાની લેતી વખતે સામે અરીસો રાખતો. વલ્લભભાઇએ કેસ ચલાવવાની શરૂઆત કરતાં કહ્યું;

'સાહેબ, આ અરીસો સામે રાખીને આરોપીની જુબાની લેવાય છે તે વાતની નોંધ કરો.' મેજિસ્ટ્રેટ ડધાઇ ગયો. કહેવાની જરૂર નથી કે મેજિસ્ટ્રેટ આ ટેવ ભૂલી ગયો. વલ્લભભાઇના નામથી પોલીસ અમલદારો અને મેજિસ્ટ્રેટો ત્રાહી ત્રાહી પોકારતા. કોર્ટ બોરસદથી આણંદ બદલી. વલ્લભભાઇ આણંદ પહોંચ્યા. એટલે પેલી કોર્ટ બોરસદ આવી. નાનપણથી જ વલ્લભભાઇને વિલાયત જવાની તાલાવેલી હતી. વકીલાતના ધંધામાં દસ–પંદર હજાર ભેગા કર્યા. બેરિસ્ટર થવા વિલાયત જવાનું નક્કી કર્યું. ઇ. સ. ૧૯૦૫માં પાસપોર્ટ મંગાવ્યો. વિઠ્ઠલભાઇ પટેલને ખબર પડી. વિઠ્ઠલભાઇ પટેલે કહ્યું 'હું તારાથી મોટો, મને પહેલા વિલાયત જવા દે' પાસપોર્ટ વિ. જે. પટેલના નામ પર હતો. વલ્લભભાઇએ પાસપોર્ટ વગેરે આવશ્યક કાગળો વિઠ્ઠલભાઇને સુપ્રત કર્યા. વિઠ્ઠલ-ભાઇના અભ્યાસનો ખર્ચ તેમજ તેમના કુટુંબનિર્વાહની વ્યવસ્થા વલ્લભભાઇને શિર આવી. વલ્લભભાઇએ તે હર્ષભેર બજાવી, આવો હતો તેમનો બંધુપ્રેમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૦૯ના જુનમાં તેઓ બૅરિસ્ટર થવા વિલાયત ગયા. ત્યાં પણ એક જ ધ્યેય. પોતાના રહેવાની સ્થળેથી મિડલ ટેમ્પલ અગિયાર માઇલ દૂર. સવારે ચાલીને જાય, સાંજે ચાલીને પાછા ફરે. લાયબ્રેરીમાં બધો સમય વાંચ્યા કરે. પટાવાળો આવે, ખબર આપે; 'સાહેબ, બંધ કરવાનો સમય થયો છે' ત્યારે ઊઠે. આમ તનતોડ અભ્યાસ કરી પરીક્ષા આપી. અને પ્રથમ વર્ગમાં પહેલા આવ્યા.

વિલાયતમાં પગે વાળા નીકળ્યા. ઓપરેશન કરાવવું પડયું. ડૉકટરોએ ક્લોરોફૉર્મ લેવાની સૂચના કરી. વલ્લભભાઇએ ના કહી. 'ગમે તેટલું દુઃખ થાય તે સહન કરીશ, પણ ક્લોરોફૉર્મ ન વાપરો' આવી છે તેમની સહનશક્તિ.

પરીક્ષા પસાર કરી. સીધી હિંદની સ્ટીમર પકડી. નહોતો તેમને યુરોપની મુસાફરીનો મોહ, નહોતો યુરોપના ઐતિહાસિક સ્મારકો જોવાનો મોહ.

બૅરિસ્ટર થયા પછી વલ્લભભાઇ અમદાવાદ આવ્યા. ધીકતી કમાણી હતી. વલ્લભભાઈ વિલાયતથી આવ્યા પછી મોજીલા બન્યા. રહેણીકરણી સંપૂર્ણ સાહેબશાહી બની. અંગ્રેજી ઢબનો પોશાક; સહેજ વાંકી વેલ્વેટની હૅટ–કૉટ–પાટલૂન–ધુમ્રપાન પણ ખરું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આમોદ–પ્રમોદવાળી વકીલોની 'ગુજરાત–ક્લબ'ના તે સભ્ય. કોર્ટના સમય બાદ આખો દિવસ ક્લબમાં તેઓનો ધામો. બ્રીજ એમનો મુખ્ય વ્યવસાય.

૧૯૧૪નું વર્ષ આવ્યું. દક્ષિણ આફ્રિકામાં પોતાની અનોખી રીતે વિજય મેળવી વીસમી સદીના એ ભગવાન બુદ્ધ હિંદના કિનારા પર ઊતર્યા. હિંદના રાજકારણના ક્ષિતિજ પર એક નવો સૂર્ય દેખાયો. ગાંધીજીના આગમન સાથે દેશભરમાં નવજીવનનાં પૂર રેલાયાં.

ગાંધીજીએ અમદાવાદને પોતાનું ભાવિ–પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું. સાબરમતીને કાંઠે સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો. ગાંધીજીના મહા વ્રતો–અહિંસા, અસ્તેય, અપરિમિતગ્રહ, સત્ય, બ્રહ્મચર્ય–પર રચાયેલ આ આશ્રમમાં પ્રથમ વલ્લભભાઇને રસ ન પડ્યો. તેમને આ બધું 'ભેંસની આગળ ભાગવત' જેવું લાગતું. ગાંધીજીની પ્રવૃત્તિ સંબંધમાં તેમના પહેલા પ્રત્યાઘાતો આવા હતા.

વલ્લભભાઇનું જાહેર જીવન પણ અમદાવાદમાં શરૂ થયું. અને તે પણ મ્યુનિસિપાલીટીથી. દરિયાપુર વોર્ડમાંથી પ્રતિનિધિ તરીકે ચુંટાયા. શહેરસ્વાસ્થ્ય કમિટીના ચેરમન તરીકે ચુંટાયા. આ સ્થાનેથી તેમણે બજાવેલી સેવા માટે અમદાવાદ તેમનું સદાને માટે ઋણી છે. શહેરનું સ્વાસ્થ્ય સુધારવા માટે તેમણે અમદાવાદને સ્વચ્છ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પાણી પૂરું પાડવાની યોજના તેમજ ગંદું પાણી કાઢવા ગટરની વિસ્તૃત યોજના તૈયાર કરી. આ માટે બાહોશ ઇન્જીનીયર નીમવાનું ઠરાવ્યું. આ વખતના અમદાવાદના કમિશ્નર પ્રેટે તેમના મળતિયા એક અંગ્રેજી ઇન્જીનીયર મેકાસેની નિમણુંક કરાવી. મેકાસે લાયકાત વગરનો હતો. કામની આવડત નહોતી. પાણીની તંગી ઓછી થઇ નહીં. વલ્લભભાઇ સમસમી ઊઠયા. તેમણે પ્રેટને ઝાડી નાખ્યો. આઠ દિવસમાં મેકાસે રાજીનામું આપીને ચાલતો થયો. મ્યુનિસિપાલીટીના પ્રમુખ તરીકે વલ્લભભાઇએ અમદાવાદની સૂરત બદલી નાખી. આજનું અમદાવાદ એ વલ્લભભાઇની જહેમત અને સેવાનું પરિણામ છે.

ગાંધીજીના હિંદમાં આગમન સાથે દેશમાં નવો ચમત્કાર થયો. આજસુધી લોકોમાં સરકારી જુલ્મનો પ્રતિકાર કરવાની શકિત નહોતી. ગાંધીજીએ આવીને પ્રથમ જ પોતાની લાક્ષણિક રીતે સરકારી જુલ્મો મૂંગે મોઢે સહી ન લેતાં પ્રતિકાર કેમ કરવો તે શીખવ્યું.

હિંદમાં આવી તેઓ આખા દેશમાં ફર્યા. દેશની આર્થિક, સામાજિક, અને રાજકીય પરિસ્થિતિની અંગત માહિતી મેળવી, દેશનાં દુઃખ અને દર્દો જોઈને તેમની આંખો ઊઘડી ગઇ. પ્રથમ વીરમગામની જકાતબારીનો પ્રશ્ન હાથમાં લીધો. કાઠિયાવાડમાંથી બહાર જતા લોકોને પડતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અસહ્ય હાડમારીનો સત્યાગ્રહદ્વારા સામનો કરવા લોકોને આહ્વાહન કર્યું. પોતે મુંબઇના ગવર્નર વીલીંગ્ડન તથા સેક્રેટરીને મળ્યા. પરિણામ કાંઇ આવ્યું નહીં. ગાંધીજીએ વાયસરોય સાથે પત્રવ્યવહાર કર્યો. આખરે જકાતબારી ગઇ. આ પ્રશ્ન પત્યા પછી ગાંધીજીએ ગિરમિટીયાની ગેાઝારી પ્રથા બંધ કરવા ચળવળ ઉપાડી. '૩૧ મી જુલાઇ ૧૯૧૭ પહેલાં આ પ્રથા બંધ થવી જોઇએ નહિતર સત્યાગ્રહ શરૂ થશે' એવું અલ્ટીમેટમ સરકારને આપ્યું. કહેવાની જરૂર નથી કે આ મુદત પૂરી થતાં પહેલાં સરકારે આ ગેાઝારી પ્રથા બંધ કરી. આ પત્યું એવામાં ચંપારણ્યના ગળીના ખેતરમાં વાવેતર કરતા ખેડૂતોનો પ્રશ્ન આવ્યો. જમીનદારો ખેડૂતને ૩/૨૦ ભાગમાં ગળીનું વાવેતર કરવા ફરજ પાડતા. ગાંધીજી ચંપારણ્ય ગયા. ખેડૂતોની સ્થિતિ તપાસી. નીલવરોના જુલ્મો તેમ જ અન્યાયી લાગા જોઈ તેઓ હેબતાઇ ગયા. આખાયે પ્રશ્નની ઊંડી તપાસ કરી. તપાસમાં અનેક અંતરાયો આવ્યા. તેમના પર ચંપારણ્ય છોડવાનો હુકમ બજાવવામાં આવ્યો. તેમણે હુકમનો અનાદર કર્યો. સરકાર મોડી મોડી જાગી. તપાસ–પંચ નીમ્યું. ગાંધીજી તેના સભ્ય નિમાયા. ૩/૨૦ (તીન કઠીયા)નો કાયદો રદ થયો. નીલવર રાજ્યનો અંત આવ્યો. પ્રજાને પોતાની શક્તિનું ભાન થયું.

આમ ગાંધીજી વિજય ઉપર વિજય મેળવતા જતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
હતા. કામ કરવાની તેમની રીત અનોખી હતી. આજ સુધી નેતાઓની પ્રવૃત્તિ શહેર પૂરતી મર્યાદિત હતી. દબાયલા અને કચડાયેલા લોકો પ્રત્યે દુર્લક્ષ્ય આપવામાં આવતું. ગાંધીજીએ આ દબાયેલા અને ચગદાયેલા લોકો પ્રત્યે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. ગાંધીજી સારા યે હિંદની આમજનતાના નેતા બન્યા.

વલ્લભભાઇએ જોયું–હિંદમાં એક મર્દ આવ્યો છે. દેશની કાયાપલટ કરી રહ્યો છે. આ જ ખરું રાજકારણ છે. દેશના ઉદ્ધાર પેલા વાતોડિયા રાજકારણથી નહીં થાય, પણ આ જ પુરૂષ કરી શકશે. વલ્લભભાઇએ આ જ પુરૂષ સાથે પોતાનું ભાવિ જોડવાનો નિર્ણય કર્યો. પરિણામે દેશને એક લોખંડી પુરૂષ મળ્યો.

ખેડા જિલ્લા માટે ૧૯૧૭નું વર્ષ ખતરનાક નીવડયું. અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ નીવડયો. છૂટોછવાયો થોડોઘણો પાક થયો હતો તેમાં અનેક પ્રકારના રોગ પડયા અને ભૂરા ઉંદરોના ઉપદ્રવે પાક નિષ્ફળ ગયો. મહેસૂલ–રાહતનો કાયદો છે કે જો પાક ચાર આનીથી ઓછો હોય તો મહેસૂલ મોકુફ રહે. ખેડૂતોએ મહેસૂલની મોકુફી માટે અરજી કરી. ગુજરાતી સભાએ પણ અરજી કરી. મહેસૂલી અમલદારોએ તલાટી મારફત આનાવારી શરૂ કરી. અને પાક ચાર આનીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વધારે આકર્ષ્યા. કમિશ્નર પ્રાટ જુલ્મી અમલદાર હતા. તેણે મહેસૂલ વસૂલ કરવા હુકમ છોડ્યા. ખેડૂતો ઉપર દમનનો કોરડો ફરી વળ્યો. એક ખેડૂતે ૭૫ ટકા વ્યાજે નાણા ઉછીના લઇ મહેસૂલ ભરી. બીજાએ ૩૭૫ ટકા વ્યાજે નાણા ઉછીના લીધા. એક મુસલમાન ખેડૂતે ૧૦ વર્ષની દીકરીને પરણાવી જમાઇ પાસેથી રૂા. ૧૫ લઇ મહેસૂલ ભર્યું. ધારાસભામાં ગોકલદાસ પારેખે આ પ્રશ્ન ચર્ચ્યો. વિઠ્ઠલભાઇ પટેલ વગેરે મહેસૂલી સભ્યને મળ્યા. પરિણામ શૂન્ય આવ્યું.

ગાંધીજી ચંપારણ્યમાં હતા. તાબડતોબ તેઓ અમદાવાદ આવ્યા. આખી યે પરિસ્થિતિ સમજી લીધી. ના-કરની લડત લડયા સિવાય છૂટકો નથી તેમ તેમને લાગ્યું. ભદ્રમાં આવેલાં 'કમકૂર્ટ હાઉસ'માં સભા ભરી. ના-કરની લડત અનિવાર્ય છે એમ જણાવ્યું. એક જ પ્રશ્ન કર્યો 'મારી સાથે આવવા કોણ તૈયાર છે.' એ ટોળા વચ્ચે એક બેંગ્લોર કેપ, ચાઇના સિલ્કનો હાફકોટ અને કોલર ટાઇ પહેરીને એક અતડો આદમી બેઠો હતો. એકચિત્તે તેણે ગાંધીજીને સાંભળ્યા અને નિર્ણય કરી લીધો : 'હું તૈયાર છું'. તે બોલી ઊઠ્યો—આ વ્યક્તિ બીજી કોઇ નહિ પણ આપણા સરદાર.

ગાંધીજી અને સરદારે ખેડા જીલ્લાનો મહેસુલી મોકુફી-નો પ્રશ્ન ઉપાડી લીધો. જાતે ગામે ગામ ફરી પાકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તપાસ કરી. સ્વયંસેવકોને મોકલી પાકની આંકણી કરી. આંકણી કરતાં તેમને ચાર આનીથી ઓછી પાકનો અંદાજ માલૂમ પડયો. સત્યાગ્રહ શરૂ કરતાં કમિશ્નરને પત્ર લખ્યો. સરકાર અને ખેડૂત વચ્ચે પાકની આંકણી અંગે તકરાર પ્રવર્તે છે તેનો નિકાલ એક સરકાર અને પ્રજાકીય ગૃહસ્થોના પંચ મારફત કરો તેવો આગ્રહ કર્યો. પરિણામ શૂન્ય આવ્યું. ગાંધીજીએ સત્યાગ્રહની તૈયારી કરી. નડિયાદમાં ખેડૂત-સંમેલન ભર્યું. ખેડૂત પાસે પ્રતિજ્ઞા લેવરાવી : જ્યાં સુધી આ તકરારનો નિકાલ ન આવે ત્યાં સુધી કોઇએ મહેસૂલ ન ભરવાના શપથ લીધા. સરકારે દમનનું ચક્ર શરૂ કર્યું. જપ્તીઓ કરી. જમીનો ખાલસા કરી. ખેડૂતોના પ્રાણથી પ્યારા ઢોરોને જપ્તીમાં લીધા. આ બધા દિવસોમાં સરદાર સાહેબ ખેડૂતોમાં તેમની વીરવાણી દ્વારા પ્રાણ રેડતા. તેમને સત્યાગ્રહનો મર્મ સમજાવતા. દુઃખ વગર સુખ નથી. માટે યાતના સહન કરવા તૈયાર રહો. ખેડૂતોમાં અજબ પ્રકારની હિંમત આવી. સરકારી અમલદારોનો ડર ગયો. નવી મર્દાનગી, હિંમત, નિર્ભયતાનાં દર્શન થયાં. લોકો મહાત્માજી પોતાના ગામમાં આવે ત્યારે જાણે દેવ પધાર્યા એમ માની કૃતકૃત્યતા અનુભવતા. આખી યે લડત દરમ્યાન એક પણ હિંસાનો બનાવ ન બન્યો. લોકોએ સરકારની ઉશ્કેરણી સામે પણ બાંયો ચડાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આ દરમ્યાન ઇંગ્લૅંડ મહાયુદ્ધની કટોકટીમાંથી પસાર થઇ રહ્યું હતું. યુદ્ધમાં હિંદે લાખો સૈનિકો, અઢળક ધન અને લડાયક સામગ્રી પૂરી પાડી હતી. છતાં જરૂરિયાત હજુ વધારે અને વધારે હતી. અમેરિકા હજુ યુદ્ધમાં પડયું નહોતું. વાયસરૉયે હિંદના નેતાઓને અંદર અંદરના ઝઘડા મિટાવી સામ્રાજ્યને ભીડ વખતે મદદ કરવા વિનંતિ કરી. મહાત્માજીને પણ આમંત્રણ મળ્યું—સરકારની સુચના અનુસાર કમિશ્નરે ખેડા જિલ્લાના પ્રશ્નનું સમાધાન કર્યું. સ્થિતિવાળા મહેસૂલ ભરી દે તો ગરીબ લોકોનું મહેસૂલ મોકુફ રાખવામાં આવશે.' આમ ખેડાના મહેસૂલી ઝઘડાનો અંત આવ્યો.

સરદાર 'ગુજરાતના સૂબા' બન્યા. ગાંધીજીએ વલ્લભભાઇના કાર્યની મુક્ત કંઠે પ્રશંસા કરી. 'વલ્લભભાઇ મને ન મળ્યા હોત તો જે કામ થયું છે, તે ન જ થાત.'

ગાંધીજી યુદ્ધ પરિષદમાં હાજરી આપવા દિલ્હી ગયા. તેમણે સરકારી યુદ્ધયત્નને ટેકો આપ્યો. લીધેલા કામને પૂરું કરવા ખેડા જિલ્લામાં લશ્કર ભરતી કરવાનું કાર્ય ઉપાડયું. લોકોને આ વાત ન રૂચી. થોડા વખત પહેલાં તેઓ તેને દેવની જેમ પૂજતા એને આજે ગામેગામ ફરવા ગાલ્લું નહોતું મળતું. ખાવાની વ્યવસ્થા નહોતી થાતી. કોઇ સાંભળતું નહોતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સીંગ અને ગોળ ખાઈ ફરવું પડતું. આ અરસામાં રાજકીય સુધારા પર મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડ અહેવાલ બહાર પડયો. મહાસભાની મુખ્ય માંગણી એ હતી કે કારોબારી મંધ્યસ્થ ધારાસભાને જવાબદાર હોવી જોઇએ. સુધારામાં કારોબારી મંધ્યસ્થ ધારાસભાને બેજવાબદાર હતી. કારોબારી પર ધારાસભાનો જરા પણ કાબૂ નહોતો. આમ છતાં વિનીતો આ સુધારા સ્વીકારવા તૈયાર થયા. તેમના તરફથી શ્રીનિવાસ શાસ્ત્રી ગાંધીજીને પોતાના પક્ષે મેળવવા ખેડા આવ્યા. ગાંધીજીએ સુધારા વાંચ્યા નહોતા. ચર્ચા ચાલતી હતી. સરદારે સુધારા વાંચ્યા હતા અને તેમને તે અસ્વીકાર્ય લાગ્યા હતા. ચર્ચા લંબાતી હતી. ગાંધીજીએ સરદારને જમવા જવાનું સુંચન કર્યું. 'હું આજે જમવાનો નથી' એમ સરદારે કહ્યું. સાથોસાથ સરદારે એ અહેવાલ અપનાવતો એક પણ શબ્દ નહિ ઉચ્ચારવા કે સહીસિક્કો નહિ કરવાનું સાફ સાફ શબ્દોમાં ગાંધીજીને કહી દીધું.

ભરતીના કામમાં ગાંધીજીનું શરીર લથડયું. મરડો થયો, યુદ્ધ પણ બંધ થયું હતું. એટલે ગાંધીજી સાબરમતી આશ્રમમાં પાછા ફર્યા. ખેડા પ્રકરણ પછી સરદાર ગાંધીજીની છાયા બની ગયા.

રોલેટ બીલ

યુરોપમાં મહાયુદ્ધ શરૂ થયું ત્યારથી સરકાર લશ્કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
માટે ભરતી તેમજ પૈસાનું ઉઘરાણું કરતી હતી. આ કાર્ય કરવાની સરકારની પદ્ધતિ સામે લોકોમાં ખુબ જ અસંતોષ ફેલાયો હતો. યુદ્ધ દરમ્યાન હિંદી સૈન્ય દોઢ લાખમાંથી દસ લાખનુ થયું હતું. હિંદી સૈનિકોએ યુદ્ધ મોરચા પર સારી નામના મેળવી હતી. સરકારને ભીતિ લાગી કે આ સૈનિકોને જ્યારે લશ્કરમાંથી છોડવામાં આવશે ત્યારે તેઓ બેકાર બનશે અને અસંતોષ ફેલાવશે. પાણી પહેલાં પાળ બાંધવામાં સરકારે આ અંગે કાયદો ઘડવા સર રોલેટના પ્રમુખપદ નીચે એક કમિટી નીમી. રોલેટ કમીટીની ભલામણ ઉપરથી સરકારે રોલેટએક્ટ ધારાસભા સમક્ષ રજુ કર્યો અને સરકારી સભ્યોના ટેકાથી આ કાયદો પસાર થયો. આ કાયદાથી લેખન સ્વાતંત્ર્ય, વાણી સ્વાતંત્ર્ય, સંઘ સ્વાતંત્ર્ય, પર કોરડો વિંઝાયો. પોલીસના હાથમાં અમર્યાદ સત્તા આપવામાં આવી. કોઈ પણ માણસને કેસ ચલાવ્યા વગરે કેદ પુરી શકાય.

વ્યક્તિ સ્વાતંત્ર્ય છિનવાયું. વર્તમાન પત્રોના ગળે ડુચો દેવાયો. હિંદમાં તેને લોકોએ કાળો–કાયદો તરીકે ઓળખ્યો. સૌની આંખ મહાત્માજી પર મંડાઇ.

ગાંધીજી મરડાના દર્દથી પિડાતા હતા. તેમને આ કાળો કાયદો વાંચ્યો. અને તેઓ સમસમી ઊઠ્યા. લોહીનો પૈસાનો વરસાદ વરસાવનારા હિંદને આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બદલો ! અમદાવાદ આવ્યા. સરદાર સાથે મંત્રણા કરી. પોતાનું મનોમંથન કહી બતાવ્યું. અચાનક અંદરથી અવાજ આવ્યો ' જે દિવસે રોલેટ–બિલને કાયદાનું સ્વરૂપ મળે તે દિવસે દેશને હડતાલ પાડી, ઉપવાસ કરી પોતાનો વિરોધ દેખાડવાની સલાહ આપ.' ઈશ્વર સિવાય બીજા કોઇને ન સાંભળનાર ગાંધીજીએ છઠ્ઠી એપ્રિલે દેશને હડતાલ પાડવાનો આદેશ આપ્યો. આખા યે દેશમાં સર્વત્ર હડતાલ પડી. દેશનો ઉત્સાહ વધતો જતો હતો. ઠેરઠેર સભા, સરઘસો ' કાળો કાયદો તોડ દો' એ નાદ આખા હિંદમાં ગાજતો થયો. આ સરઘસ અને સભા અટકાવવા પોલીસ–મિલિટરીએ–લાઠીચાર્જ–ગોળીબાર કર્યા. દિલ્હીમાં સરઘસના આગેવાન સ્વામી શ્રદ્ધાનંદ સામી છાતીએ ગોળી ઝીલી વીર મૃત્યુને ભેટ્યા. અમૃતસરમાં લોહી તરસ્યા જનરલ ડાયરે કાળો કેર કર્યો. જલીયાનવાળા બાગ હત્યાકાંડ થયો. સેંકડો નિર્દોષ હિંદુ–મુસલમાન–શીખનું લોહી રેડાયું. લોકોને પેટે ચલાવ્યા. પંજાબ ફરતી વાડ રચાઇ. ' લશ્કરી કાયદો ' જાહેર થયો. ગાંધીજી પંજાબની પરિસ્થિતિનો અંત લાવવા પંજાબ જતા હતા. તેમની ધરપકડ થઇ. લોકો ઉશ્કેરાયા. સખ્ત હડતાલ પડી. અમદાવાદ–મુંબઇમાં તોફાન થયાં. અમદાવાદમાં તોફાન વધતું ગયું. સરદાર સાહેબે લોકોને શાંત રહેવા સમજાવ્યું.

સ. ૨. CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બીજે દિવસે તોફાન વધ્યું. લશ્કરી કાયદો જાહેર થયો. અમદાવાદના તોફાનને દાબી દેવા મુંબઇથી લશ્કર મોકલાયું. નડિયાદ અને ઉત્તરસંડા વચ્ચે પાટા ઊખડી ગયા. આખરે સરકારે મહાત્માજીને છોડી મૂક્યા. મહાત્માજી અમદાવાદ આવ્યા ત્યારે લોકો શાંત થયા.

અસહકાર

રાષ્ટ્રવાદ જોર પકડતો જતો હતો. સરકારી દમન પણ માઝા મૂકતું હતું. જલીયાનવાળા બાગના અત્યાચારોથી દેશ આખો ખળભળી ઊઠ્યો. ખિલાફતના પ્રશ્ન પર મુસ્લીમોને અન્યાય કરવામાં આવ્યો. તુર્કીના સુલ્તાનને પદભ્રષ્ટ કર્યો. સેવર્સના કરારોથી તુર્કી સામ્રાજ્યના ભાગલા પડ્યા. અરબસ્તાન, મેસોપોટેમિયા, સીરીયા, પેલેસ્ટાઇન તુર્કી સામ્રાજ્યમાંથી ખૂંચવી લેવાયાં. ૧૯૧૯ મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડના સુધારા અધૂરા અને અસંતોષકારક હતા.

આ વાતાવરણમાં કલકત્તાની મહાસભા મળી. ઠરાવ થયો. અન્યાયો સામે અસહકાર કરવાનો નિર્ણય લેવાયો. લોકોને ખિતાબો અને માનદ ઓધ્ધાઓ છોડવાનું કહેવામાં આવ્યું. મ્યુનિસિપાલીટી તથા લોકલબોર્ડમાંથી રાજીનામું આપવાનો આદેશ અપાયો. સરકારી શાળા, અદાલતોનો બહિષ્કાર કરવાનું જણાવવામાં આવ્યું. ધારાસભાની નવી ચુંટણીનો પણ બહિષ્કાર કરી લોકશક્તિનું સરકારને ભાન કરાવવું વિગેરે નક્કી થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતની ગાંધીજીને જરા જેટલી ય ચિંતા નહોતી.

વલ્લભભાઈએ ગુજરાતમાં એમની સર્વ જવાબદારી ઉપાડી લીધી. રાષ્ટ્રીય શિક્ષણ વિના યુવાન–યુવતીઓની ઉન્નતિ શક્ય નથી તે જણાતા રાષ્ટ્રીય શાળાઓ અને કૉલેજો સ્થાપવા તેમણે પ્રચાર શરૂ કર્યો. તેનું પરિણામ એ ગુજરાત વિદ્યાપીઠ અને તેની સાથે સંકળાયેલી અનેક રાષ્ટ્રીય શાળાઓ સ્થપાઇ. તિલક ફંડમાં ગુજરાતને માથે ૧૫ લાખ રૂા. ભરવાના આવ્યા. સરદારે આ કાર્ય ઉપાડી લીધું. ધાર્યા કરતાં વધારે રકમ ઉઘરાવી આપી. ગુજરાતની કીર્તિમાં વધારો કર્યો. ખાદી પ્રચાર અને રેંટિયામાં વલ્લભભાઇએ હવે પોતાની શક્તિ ખર્ચી. ગુજરાતમાં ઘેર ઘેર રેંટિયો ગુંજતો કર્યો. ગામડે ગામડે ફરી ખેડૂતોમાં નવો પ્રાણ પૂર્યો. પોતાની અનોખી વાક-છટાથી હજારો મડદાંને બેઠા કર્યા. વલ્લભભાઇ અમદાવાદ મ્યુનિસિપાલીટીના પ્રમુખ હતા. પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે મ્યુનિસિપાલિટીના પ્રાથમિક શિક્ષકો સરકારી નોકર હતા સરકારએમને પાછા ખેંચી લે તો શું કરવું? સરદારે તુક્કો શોધી આપ્યો. તેઓ જાણતા હતા કે સરકાર શિક્ષિકોને પાછા બોલાવી કયાં સંધરશે, તેમણે સરકારને નોટીસ આપી.–'તમારા શિક્ષકોને પાછા બોલાવી લો' સરકાર મુંઝવણમાં પડી. હવે શું કરવું? સરકારે જવાબ આપ્યો. તમે થોભી નહીં શકો? સરદારે શરત મૂકી–અમને યોગ્ય લાગે ત્યારે છૂટા કરી શકીએ. આ શરત સરકારને માન્ય કરવી પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આમ ગુજરાતમાં સરદાર અસહકાર પ્રવૃત્તિ જોરથી ચલાવી રહ્યા હતા. ચૌરાચૌરીના અત્યાચાર પછી ગાંધીજીએ અસહકારનું આંદોલન બંધ કર્યું. ગાંધીજીને પકડવામાં આવ્યા. દેશમાં નિષ્ક્રિયતાનું મોજું ફરી વળ્યું. મોતીલાલ નહેરૂ અને ચિત્તરંજન દાસની આગેવાની તળે સ્વરાજ્ય પક્ષ ઊભો થયો. ધારાસભામાં ચુંટાઇ અંદર રહી લડત આપવી એમ ઠર્યું. મહાસભામાં સ્વરાજીસ્ટ અને નાફેરવાદી વચ્ચે ભંગાણ પડશે તેમ લાગ્યું. સરદારે તો એક જ વાત કરી-ગાંધીજીના આદેશ વગર આપણાથી ધારાસભામાં પ્રવેશ થાય જ નહીં. સરદાર આમ ગાંધીજી પ્રત્યેની પોતાની વફાદારીને વળગી રહ્યા.

નાગપુર ધ્વજ સત્યાગ્રહ

૧૯૨૨ની સાલ હતી. એપ્રિલ ૬ થી એપ્રિલ ૧૩ સુધી જલીયાનવાળા બાગના અત્યાચારમાં થયેલ શહીદોની પુણ્યસ્મૃતિમાં 'રાષ્ટ્રીય સપ્તાહ' ઉજવાતો હતો. આ અંગે ધ્વજવંદન, સભા, સરઘસ, પ્રાર્થના વગેરે પ્રોગ્રામ યોજાતા. મધ્યપ્રાંતના પાટનગર નાગપુરમાં સીવીલ લાઈન્સમાંથી (અંગ્રેજો જ્યાં રહેતા હતા તે લતો) રાષ્ટ્ર-ધ્વજ સાથે સરઘસ પસાર થવાનું હતું. અંગ્રેજોએ વિરોધ કર્યો. યુનિયન જેક સિવાય બીજો ધ્વજ ત્યાં ફરકે તે તેમનાથી કેમ જોયું જાય? મધ્યપ્રાંતની સરકારે ધ્વજ સામે પ્રતિબંધ મૂક્યો. ધ્વજના આવા અપમાનથી દેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખળભળાટ થયો. નાગપુરના આખાલ–વૃદ્ધો સત્યાગ્રહ કરવાને બહાર પડ્યા. સરકારે પણ દમન શરૂ કર્યું. લાઠીચાર્જ, ધરપકડ વિગેરે રોજના બનાવો બન્યા. સત્યાગ્રહે ભિષણ સ્વરૂપ પકડયું. જમનાલાલ બજાજે ઝંપલાવ્યું. નાગપુર ધ્વજ સત્યાગ્રહ અખિલ હિંદનો પ્રશ્ન બન્યો. મહાસભાની કારોબારીએ વલ્લભભાઇને લડતની દોરવણી કરવા સૂચન કર્યું. વલ્લભભાઇ નાગપુર આવ્યા. છાવણી નાંખી સત્યાગ્રહનું સંચાલન કર્યું. ગુજરાતને સત્યાગ્રહીઓની ટુકડીઓ ઉપર ટુકડીઓ મોકલવા આદેશ આપ્યો. આખા દેશનું વાતાવરણ ઉગ્ર બન્યું. વડી સરકારે વિઠ્ઠલભાઇ પટેલની સલાહ માગી. વિઠ્ઠલભાઇ નાગપુર ગયા. સમાધાન થયું, નાગપુર ધ્વજ–સત્યાગ્રહનો સુખદ અંત આવ્યો.

'હેડિયાવેરો'

ખેડા જીલ્લાના નાના મોટા પોલીસ અમલદારોના ત્રાસથી લોકો ત્રાસી ગયા હતા. પોલીસના ત્રાસથી કેટલાક કંટાળી બહારવટે નીકળ્યા હતા. ધર્મજમાં એક પાટીદારને ઘેર બાબર દેવો નોકર હતો. આ પાટીદારને ત્યાં ચોરી થઇ. પોલીસે બાબર દેવાને પકડયો. મુખીએ એની માને સતાવી. મા બાબર દેવાને મળવા આવી ત્યારે મુખી સતાવે છે એમ કહી રડી પડી. બાબર દેવો જેલ

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
તોડી ભાગ્યો. મુખીનું ખૂન કર્યું. પછી બહારવટે નીકળ્યો. તેની સાથે બીજા જોડાયા. બોરસદમાંથી અલિયો બહારવટે નીકળ્યો.

આ બહારવટિયાઓ લૂંટો કરતા—લોકોને રંજાડતા અને નજદીકની બરોડા રાજ્યની સરહદમાં સંતાઇ જતા. લોકો ડરના માર્યા આશરો આપતા. પોલીસ પણ ડરતી. બહારવટિયાઓ પોલીસ કચેરી પર છાપો મારી હથિયારો ખૂંચવી લેતા. આમ ખેડા જીલ્લામાં લૂંટારાનું રાજ્ય ચાલતું હતું.

એવામાં પોલીસને નુસ્ખો સૂઝયો. તેમણે અલિયાને ફોડયો. અને બાબરાને પકડાવી દેવાનું અલિયાએ બીડું ઝડપ્યું. અલિયાને બંદૂક આપી તથા પાંચ પોલીસ આપ્યા. બાબરાને ખબર પડી ન જાય તેથી અલિયાને લૂંટફાટ ચાલુ રાખવાની છૂટ આપી.

આમ લૂંટો કરવાની અને ધાડો પાડવામાં સરકારનો પરવાનો મળવાથી અલિયાએ લોકોને રંજાડવામાં બાકી ન રાખી. અલિયો ફૂટયો છે એ સમાચાર બાબરાને ગાયકવાડના જવાબદાર પોલીસ અધિકારી દ્વારા મળ્યા. અલિયો નિષ્ફળ નીવડયો. સરકારે બાબર દેવાને પકડવા ૪૦૦ પોલીસદળ રાખવાનું નક્કી કર્યું. એના અઢી લાખ રૂપિયા ખર્ચ ખેડા જીલ્લા પર "હેડિયાવેરો" નાખી વસૂલ કરવા નકકી કર્યું. લોકો હેબતાઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સરદારે સરકારની નીતિની ઝાટકણી કાઢી. 'જે ખૂની એક લૂંટારો હતો. તેના હાથમાં એક બીજા લૂંટારાને પકડવા માટે બંદૂકો આપવી પડે એ સરકાર માટે કેટલું શરમભરેલું છે? તે તો સરકારનું નહિ, પણ બહાર-વટિયાનું જ રાજ્ય થયું.'

'હૈડિયાવેરા' સામે સત્યાગ્રહ શરૂ થયો. દરબાર ગોપાલદાસ સત્યાગ્રહ સંચાલન કરતા. ગામેગામ છાવણી નંખાઈ. સ્વયં સૈનિકો ફરી વળ્યા. લોકોને 'હૈડિયાવેરો' ન ભરવા સમજાવવામાં આવ્યા. આ અરસામાં બાબર દેવાને પકડવા માટે અલિયાને હથિયારો આપી જરૂર પડતી લૂંટ કરવાની છૂટ આપતો અને એ કામ કરતા અલિયાને કોઇ પોલીસ અમલદાર પકડે નહીં તેવી ખાનગી સૂચના આપતો સરકયુલર વલ્લભભાઈના હાથમાં આવ્યો. તેમણે તે 'યંગ ઇંડિયા'માં છપાવ્યો. મુંબઇ સરકારનો ગૃહમંત્રી હોટસન તુરત બોરસદ આવ્યો. તેણે તપાસ કરી. તેની તપાસમાં પોલીસ બાતાની મેલી રમત બહાર આવી. તેઓ હેબતાઇ ગયા. મુંબઇ ગયા. 'હૈડિયા–વેરો નાબૂદ થયો.

૧૯૨૭ : રેલ હોનારત

૧૯૨૭ નું વર્ષ ગુજરાત માટે ખતરનાક નીવડયું. આભ ફાટયું. અતિવૃષ્ટિ થઇ. ચારપાંચ દિવસમાં પચાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ઈંચ વરસાદ પડયો. ઢોરઢાંખર અને રાચરચીલા સહિત ગામેગામ તણાયાં. લોકો નિરાધાર બન્યા. પાક નિષ્ફળ નીવડયો. તાર–ટપાલ, રેલ્વે વ્યવહાર તૂટી પડયો. ચાર હજાર ગામો પર આફત ઊતરી.

આ સમાચાર મળ્યા કે તુરત જ વલ્લભભાઇએ રાહત કાર્ય શરૂ કર્યું. અનાજ, કાપડ વગેરે સ્વયંસેવકો દ્વારા પહોંચતા કર્યા. ઢોર માટે ઘાસચારો પણ રવાના થયો. સંકટગ્રસ્ત વિસ્તારમાં સસ્તા અનાજની દુકાનો ખોલી.

પ્રાથમિક રાહતનું કાર્ય પૂરૂં થયું. એટલે બીજો પ્રશ્ન ઉપાડયો–નવા પાક માટે બીઆરણ પૂરૂં પાડવાનું તથા ભાંગેલા મકાનો ફરી ઊભા કરવાનું. સરકારની આ ફરજ છે તેમ તેમણે સરકારને જણાવ્યું. સરકારે પણ સમયવર્તી ખેડૂતોને બળદ, ખેતીનાં આજારો, ઘર બાંધવાનો સરસામન તથા બીઆ માટે દાણા ખરીદવા દુકાળ ફંડમાંથી એક કરોડ અને ચોપન લાખ રૂા. ની રાહત આપી. અને આ રકમની વ્હેંચણી વલ્લભભાઇ દ્વારા થાય તેમાં વાંધો ન લીધો.

બારડોલી

ગુજરાતના સુરત જીલ્લાની પૂર્વે બારડોલી તાલુકો આવેલો છે. આ તાલુકાની જમીન મહેસૂલની આકારણી છેલ્લી ૧૮૯૬માં થઇ હતી. દર ત્રીસ વર્ષે આકારણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ફરી થતી હતી. આ હિસાબે ૧૯૨૮માં નવી આકારણી કરવાનો સમય આવ્યો. મુંબઈ સરકારે આ કાર્ય સુરતના ડેપ્યુટી કલેકટર જયકરને સોંપ્યું. તેઓને આ કામનો અનુભવ નહોતો. તેમણે આખા તાલુકામાં ચાલતા મહેસૂલના દરમાં પચાસ ટકાનો વધારો સૂચવ્યો. ત્રેવીસ ગામોને નીચલા વર્ગમાંથી ઉપર ચઢાવવામાં આવ્યા. તેથી એકંદરે મહેસૂલમાં ૩૦ ટકાનો વધારો થયો.

સરદાર બારડોલી આવ્યા. ગામોના પ્રતિનિધિઓને બોલાવ્યા. જાહેર ભાષણ કરીને ચેતવણી આપી કે, "મારી સાથે ખેલ ન થાય. બિનજોખમી કામમાં હું હાથ ઘાલનારો નથી. જ્યને જોખમ ખેડવાં હોય તેની પડખે હું ઊભો રહીશ....આ એક તાલુકાનો પ્રશ્ન નથી. અનેક તાલુકાઓ અને જીલ્લાઓનો છે. તમે હારશો તો બધાંનું ભાવી બગડશે."

સરકારને પણ પત્ર લખ્યો. મહેસૂલવધારો ગેરવાજબી અને ગેરકાયદેસર છે. સરકાર મહેસૂલ વસૂલ કરવાનું હમણાં મુલતવી રાખે. વધારા અંગે નિષ્પક્ષ પંચ નિમાય. લોકો પોતાનો કેસ રજુ કરે.

પત્રનો જવાબ ઉડાઉ આવ્યો. સરદારે તૈયારી કરવા માંડી. સત્યાગ્રહ સિવાય બીજો ઉપાય રહ્યો ન હતો. બારડોલી સ્વરાજ આશ્રમમાં પડાવ નાખ્યો તાલુકાના ગામડે ગામડે પ્રચાર શરૂ થયો. ઠેર ઠેર સ્વયંસેવકો ફરી વળ્યા. નબળી કડીઓ મજબૂત બનાવી. સરદાર આખા તાલુકામાં ફરી વળ્યા. ઠેર ઠેર સભાઓ ભરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મહેસૂલ નહીં ભરવા લોકોને આદેશ આપ્યો. આ સમયના તેમના ભાષણો આજે વાંચીએ તો આપણા રૂવાં ખડાં થઇ જાય છે. જપ્તીની ધડક દૂર કરવા તેઓ બોલ્યા; 'જપ્તીઓ કરવા સરકારને ગામમાંથી જ અથવા તાલુકામાંથી માણસો લાવવા પડે છે ને! તે કામ માટે એક માણસ શોધ્યો ન જડે એવી આખા તાલુકાની હવા થઇ જવી જોઇએ. જપ્તીદાર કોઇ ખભે ઉંચકીને વાસણો લઇ જનારો મેં હજુ જોયો નથી.'

સરકારે કડકાઇ વાપરવા માંડી. મહેસૂલ નહીં ભરે તેને જે જોખમમાં ઊતરવું પડશે તેને માટે સરકાર જવાબદાર નથી. વલ્લભભાઇ જેવા બહારના માણસની ચડવણીથી વશ થઇ લોકો મહેસૂલ ભરતા નથી પણ તેનું પરિણામ સારૂં નહીં આવે. ટાઇમ્સે પણ લેખો લખી–વલ્લભભાઇ બારડોલીમાં બોલ્શેવિઝમ સ્થાપવા માંગે છે. ગાંધીજીને આ પસંદ નથી. તેઓ આ લડતને ટેકો નથી આપતા એવો જૂઠ્ઠો પ્રચાર કર્યો. ગાંધીજીએ આનો જવાબ 'યંગ ઇંડીયા'માં આપ્યો. લોકોની લડત ન્યાયી છે. આ તકરારી મુદ્દો મહેસૂલવધારાનું–નિરાકરણ તપાસપંચ દ્વારા કરવા સરકારને જણાવ્યું.

જપ્તીઓ શરૂ થઇ. ચોથાઇ દંડની નોટીસો નીકળી. ખાલસાની નોટીસો કાઢી. ઢોરોને ભગાડી પંચનામા કર્યા વગર જપ્ત કર્યાં. જપ્તીનો સામાન લઇ જવા સરકારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વેઠિયા મળતા નહોતા. બળદગાડાં કોઇ આપતું નહોતું. કોઇ જપ્તીનો માલ હરરાજીઓ લેતું નહોતું. સરકારે બહારના માણસોને પાણીના મૂલે હજારોની કિંમતની જમીન વેચી.

બારડોલીના લોકો મક્કમ હતા. કોઇ મહેસૂલ ભરતું નહોતું. જપ્તી આવે ત્યારે દિવસથી રાત સુધી ઘરમાં પુરાઇ રહેતા. અમલદારોની ઉશ્કેરણી સામે લોકો અહિંસક રહેતા.

લશ્કરી અમલદારોની દોડધામ શરૂ થઇ. બારડોલી આવી લશ્કરી રચના કેવી રીતે થાય તે જોઇ ગયા. આ બધાનું પરિણામ કાંઇ ન આવ્યું. લોકોનો જુસ્સો અણનમ રહ્યો.

દેશમાં પણ આના પ્રત્યાઘાત પડયા. આખા દેશમાં નાકરની લડત થશે તેવી સરકારને ભીતિ લાગી. સમાધાનના ચક્રો ગતિમાન થયાં. કનૈયાલાલ મુનશી ગાંધીજી અને વલ્લભભાઇને મળ્યા. આખરે સમાધાન થયું. મહેસૂલ-વધારાનો વિવાદસ્પદ પ્રશ્ન નિષ્પક્ષ તપાસ–પંચ દ્વારા થાય. આ દરમ્યાન લોકો જૂનું મહેસૂલ ભરી આપે. બધી જપ્ત થયેલી જમીન પાછી સોંપાય. બધા સત્યાગ્રહી કેદીઓને છોડી મુકાય. પટેલ–તલાટીઓને પાછા નોકરીએ ચડાવવા.

આમ બારડોલીનો વિજય થયો. સત્યનો વિજય થયો. ગુજરાતના સુખા વલ્લભભાઇ, સરદાર વલ્લભભાઇ બન્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સરદાર ગુજરાતમાં ફરી વળ્યા. આવતી સંગ્રામમાં ગુજરાત તેનું નાક જાળવે એ જ તેમની મહેચ્છા હતી.

'જગતના ઇતિહાસમાં ન લખાયલું એવું ધર્મયુદ્ધ થોડા દિવસમાં શરૂ થનાર છે. રણશિંગુ વાગી ચૂક્યું છે. જેઓ મોતથી ડરતા હોય તે જત્રાએ ચાલ્યા જાય. જેઓ સાચા ગુજરાતી છે તે બારણાની પછવાડે ભરાઇ ન બેસે." સરદારના ભાષણે ગુજરાતમાં નવું જોમ, નવો જુસ્સો આવતો હતો. લોકો લડત માટે કટિબદ્ધ થતા હતા. સરદાર ફરતા ફરતા આણંદ આવ્યા. જીલ્લાના કાર્યકરોએ મહીકાંઠાના ઠાકરડાઓને લડતમાં સાથ આપવા સમજાવવા સરદારને વિજ્ઞપ્તિ કરી. સરકારને ખબર પડી કે સરદાર મહીકાંઠા જઇ રહ્યા છે. વચમાં રાસ મુકામે તેમની ધરપકડ થઇ. ત્રણ માસની સાદી કેદની સજા થઈ. ૫૦૦ રૂ. દંડ અને દંડ ન ભરે તો ત્રણ અઠવાડિયાની વધુ કેદની સજા.

બીજી બાજુ મહાત્માજીના મહાભિનિષ્ક્રમણે દેશને ઉંઘમાંથી ઢંઢોળ્યો. લોકો તૈયાર થઇ ગયા. સરકારી દમનની પરવા કર્યા વગર સભાઓ, સરઘસો, પરદેશી માલનો બહિષ્કાર, દારૂબંધી, પિકેટીંગ વગેરે કાર્યક્રમો થતા. ગાંધીજીએ ધારાસણા અગરના કારખાના પર દરોડો પાડવાનો કાર્યક્રમ મૂક્યો. ગાંધીજીની ધરપકડ થઇ. ધારાસણા ધાડ પડી. સરકારી દમને માઝા મૂકી. લાઠીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિંઝાઇ. ૭૪૧ સૈનિકો એક દિવસમાં ઘાયલ થયા. સજાની મુદત પુરી થતાં સરદાર છૂટયા. ગુજરાતમાં સંગઠન શરૂ કર્યું. લડાઇમાં નવો વેગ આવ્યો. સરકારે મહાસભાને ગેરકાયદેસર જાહેર કરી. સરદારે જાહેર કર્યું કે હવેથી એકેએક ઘેર પ્રાંતિક સમિતિ બનશે. લોકમાન્યની પુણ્યતિથિ અંગે મુંબઇમાં એક પ્રચંડ સરઘસ નીકળ્યું. કોંગ્રેસ કારોબારીની બેઠક પણ મળવાની હતી. સરઘસમાં અસંખ્ય લોકો હતા. કારોબારીના સભ્યો પણ હતા. બોરિબંદર પાસે પોલીસે સરઘસને અટકાવ્યું. ધોધમાર વરસાદ પડતો હતો. કોઇ ખસ્યું નહિ. બીજે દિવસે માલવિયાજી, સરદાર, જયરામદાસ દોલતરામ, કમળા નહેરૂ, હંસા મહેતા વગેરેની ધરપકડ થઇ.

લોક–જાગૃતિ કચડવામાં સરકાર નિષ્ફળ નિવડી. ઓર્ડીનન્સ ઉપર ઓર્ડીનન્સ નીકળતા હતા. પ્રજા તેનો બરોબર જવાબ આપતી હતી. આખરે હિંસા પર અહિંસાનો વિજય થયો. ગાંધી–ઇરવીન તહનામું થયું. બધા નેતાઓ છૂટયા. આ કરારની રૂએ મહાસભાએ હિંદી બંધારણીય પ્રશ્નની ચર્ચામાં ભાગ લેવા બીજી ગોળમેજી પરિષદમાં જવા કબૂલ્યું.

ગાંધીજી મહાસભાના એક માત્ર પ્રતિનિધિ તરીકે પરંતુ ગાંધીજીની પીઠ પાછળ ધા કરવામાં આવ્યા. અંગ્રેજ મેલી મુત્સદ્દીગીરીનો વિજય થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અને ગાંધીજી ગોળમેજીમાંથી ખાલી હાથે હિંદ પાછા ફર્યા. હિંદની પરિસ્થિતિ જોઇ તેમને દુઃખ થયું. સરકાર સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. મુલાકાત માટે માંગણી કરી. બધું વ્યર્થ ગયું. મહાસભાએ ફરી લડતનો આદેશ આપ્યો. ૪ થી જાન્યુઆરી ૧૯૩૨ ની વહેલી સવારે ગાંધીજી અને સરદાર વલ્લભભાઇને પકડી સરકારે હલ્લો શરૂ કર્યો.

આ વખતનું યુદ્ધ ઉગ્ર હતું. દમન નીતિ પણ નિર્દય હતી. મહાસભાની સંસ્થાઓ તથા મહાસભા સાથે સીધો યા આડકતરો સંબંધ ધરાવતી બધી સંસ્થાઓને ગેરકાયદેસર જાહેર કરી. આખા દેશમાં 'ઓર્ડીનન્સ રાજ્ય' પ્રવર્તી રહ્યું. લાઠીમાર, ગોળીબાર, દંડ, જપ્તી, ધરપકડ, સભા-બંધી, સરઘસબંધી, છાપા પર કડક પ્રતિબંધ આ બધું સામાન્ય હતું.

લોકો થાકયા. લડતના ઉત્સાહમાં ઓટ આવી. દમનથી દેશનો જુસ્સો કચડવામાં ફતેહમંદ થવા માટે નોકરશાહી ગર્વ લેતી થઇ.

આ અરસામાં કોમી ચુકાદો બહાર પડયો. કોમી ચુકાદામાં હરિજનોને જુદો મતાધિકાર આપી સરકારે હિંદુ કોમમાં ભાગલા પાડયા. ગાંધીજી આમરણાંત ઉપવાસ પર ઊતર્યા. સમાધાન થયું. પુના–પેકટ સરકારે સ્વીકાર્યો : ત્યાર બાદ હરિજન પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સરકારે ગાંધીજીને જેલમાંથી છૂટી ન આપી. ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા. ગાંધીજીને છોડવામાં આવ્યા. ગાંધીજીએ છ અઠવાડિયા સત્યાગ્રહ બંધ કર્યો. પછી વ્યક્તિગત સત્યાગ્રહ કરવો એમ આદેશ આપ્યો. ધીમે ધીમે લડત બંધ પડી. ગાંધીજીએ હરિજન ઉદ્ધારક પ્રવૃત્તિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

મસાની પીડાને કારણે ઓપરેશન કરવાની જરૂર જણાઇ. સરદારને છોડવા ડૉકટરોએ સલાહ આપી. સરદાર મુકત થન્યા. ધીમે ધીમે બધા નેતાઓ પણ છૂટ્યા.

૧૯૩૫ના રાજ્યબંધારણના કાયદાનો એક ભાગ પ્રાંતિક સ્વરાજ્યનો અમલ કરવાનો સરકારે નિર્ણય કર્યો. પ્રાંતિક ધારાસભાની ચૂંટણી થઇ. મહાસભાએ ઉમેદવારો ઊભા રાખ્યા. સરદાર સાહેબ અને પંડિત નહેરૂ મહાસભાના ઉમેદવારોની ફ્તેહ માટે દેશભર ઘૂંટી વળ્યા. મુંબઇ, મદ્રાસ, સંયુકત પ્રાંત, મધ્ય પ્રાંત અને બિરાર, બિહાર, ઓરિસા, આમ ૧૧માંથી ૬ પ્રાંતને ચોકખી બહુમતિ મળી. પ્રધાનમંડળ રચવાનો પ્રશ્ન ઉભો થયો. પ્રધાનમંડળના રોજબરોજના કાર્યમાં દખલગીરી નહીં કરે એ શરતે મહાસભાએ હોદ્દા સ્વીકાર્યા. બધા પ્રધાનમંડળને માર્ગદર્શન આપવા માટે વલ્લભભાઇના પ્રમુખપણા નીચે મહાસભાએ પાર્લામેન્ટરી બોર્ડ નીમ્યું. પાર્લામેન્ટરી બોર્ડના પ્રમુખ તરીખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
સરદારશ્રીએ પોતાનામાં રહેલી અજબ વ્યવસ્થા શક્તિ તથા રાજદ્વારી ડહાપણનો ખ્યાલ દેશને આપ્યો.

રાજકોટમાં તેઓશ્રીએ ભજવેલો યશસ્વિ ભાગ, ક્રિપ્સ યોજના વખતે તેમણે બતાવેલી દીર્ઘદૃષ્ટિ ('તમે આ પાપ લાવ્યા છો! ક્રીપ્સ) ૧૯૪૨ ની 'હિંદ છોડો' ની લડત વખતે તેમણે અંગારાં ઝરતાં ભાષણો કરી છ દિવસમાં સારા યે ગુજરાત અને મુંબઇને તૈયાર કર્યાં તે, છેલ્લી મીશન યોજના અને ત્યારબાદ વચગાળાની સરકારમાં ગૃહપ્રધાન તરીકે બતાવેલી કામગીરી, બંધારણસભામાં તેમણે દેખાડેલ રચનાત્મક મુત્સદ્દીગીરી લઘુમતિ હકકોની કમિટિના પ્રમુખ તરીખે પ્રાંતિક બંધારણ ઘડનાર સમિતિના પ્રમુખ તરીકે અને આજે રિસાયતી ખાતાના પ્રધાન તરીકે તેઓશ્રીજે કુનેહ વાપરી દેશી રાજ્યોના જટિલ પ્રશ્નનું નિરાકરણ લાવ્યા છે તે બધા પ્રસંગો તાજા જ છે. આના ઉપર વિવરણ કરવું યથોચિત નથી. આજે આપણા દેશની આશા કહીએ તો આ બે જ વ્યક્તિ છે—જવાહરલાલ નહેરૂ ને સરદાર પટેલ.

પ્રભુ બંનેને લાંબુ આયુષ્ય બક્ષે. બંનેની આગેવાની તળે દેશ પ્રગતિનો પંથે આગેકુચ કરે.

સમાપ્ત

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠક્કરનું નવું

ભેટ આપી શકાય તેવા કલામય બૉકસમાં



દરેક પુસ્તક ૬૪ પાના, ૧૨ ચિત્રો ને બાલ ચરિત્રો

: સેટ પહેલો :		: સેટ બીજો :	
૧ ચરિત્ર રત્નો	૦-૮-૦	૧ ગોપાળ કૃષ્ણ ગોખલે	૦-૮-૦
૨ ચરિત્ર પરિમલ	૦-૮-૦	૨ બાપુ	૦-૮-૦
૩ ચરિત્ર સુવાસ	૦-૮-૦	૩ પં. જવાહરલાલ નેહરૂ	૦-૮-૦
૪ હાસ્યઘેલાં	૦-૮-૦	૪ સરદાર વલ્લભભાઇ પટેલ	૦-૮-૦
૫ દાદાજીના ઉખાણા	૦-૮-૦	૫ લોકમાન્ય તીલક	૦-૮-૦

બુકસેલર્સ : પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar